# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-05-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## <u>ભુજ – દિલ્હી એક્સપ્રેસનો પ્રારંભ :</u>

ભુજ અને દિલ્લી વચ્ચે નવી દૈનિક ટ્રેન સેવાનો રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો. ભુજ-દિલ્હી એક્સપ્રેસ ટ્રેન નં. 19403 અને 19404 ભીલડી-જાલોર થઈને દિલ્હી પહોંચશે, જે ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના વિવિધ મહત્વના સ્ટેશનોને જોડશે.

આવતીકાલ ૨૩ મેથી આ ટ્રેન ભુજથી દરરોજ સવારે 11.15 વાગ્યે ઉપડશે અને દિલ્હી બીજા દિવસે બપોરે પોણા બાર વાગ્યે પહોંચશે. જ્યારે દિલ્હીથી બપોર બાદ 4 વાગીને 40 મીનીટે ઉપડશે અને બીજા દિવસે સાંજે 7ને પાંત્રીસે ભુજ પહોંચશે. રેલવે તંત્ર દ્વારા આ ટ્રેનને સંપૂર્ણ રીતે ઇલેક્ટ્રિક એન્જિન દ્વારા દોડાવવાનો નિર્ણય લેવાયો હોવાથી મુસાફરી ઝડપી રહેશે. ટ્રેનમાં 2-ટિયર એસી, 3-ટિયર એસી, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં ભુજથી દિલ્હી માટે ભુજ-બરેલી, આલા હઝરત એક્સપ્રેસ અને સરાઈ રોહિલ્લા ટ્રેન ઉપલબ્ધ છે. હવે આ ત્રીજો વિકલ્પ પ્રવાસીઓને મળતા ‘રણ ઉત્સવ’ સહિત કચ્છના પર્યટન સ્થળોએ દેશભરમાંથી આવતા પ્રવાસીઓ માટે સીધી કનેક્ટિવિટી સરળ બનશે.

આ ટ્રેન સેવા કચ્છના હસ્તકલા, કાપડ ઉદ્યોગ અને ગાંધીધામ-ભુજ વિસ્તારના વેપારને સીધા દિલ્લી અને રાજસ્થાનના મોટા બજારો સાથે જોડશે. આ ઉપરાંત, અજમેર શરીફ સહિત રાજસ્થાનના ધાર્મિક સ્થળોએ જવા ઇચ્છતા શ્રદ્ધાળુઓ માટે નવી ટ્રેન કિફાયતી અને સરળ મુસાફરીનો વિકલ્પ બની રહેશે.

આજે ભુજ સ્ટેશન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડા, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાણ્ડેય, સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## ડીઝલ – પેટ્રોલના જથ્થા અંગે સમીક્ષા બેઠક :

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લામાં ડીઝલ અને પેટ્રોલનો પૂરતો જથ્થો અવિરત જળવાઈ રહે તે હેતુથી જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ઓઇલ માર્કેટિંગ કંપનીઓ, ફિલ્ડ ઓફિસર્સ, એસ.ટી. વિભાગ તેમજ જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સરકારની ગાઈડલાઈન અનુસાર ડીઝલનું સુચારુ વિતરણ થાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

હાલમાં કન્ઝ્યુમર પંપ ખાતે ડીઝલના ભાવ રિટેલ પંપ કરતાં વધી ગયા છે ત્યારે આ પરિસ્થિતિને અનુલક્ષીને જીલ્લા કલેક્ટર દ્વારા સૂચના આપવામાં આવી છે કે, સરકારના પરિપત્ર મુજબ કોઈપણ રિટેલ પંપ દ્વારા કન્ઝ્યુમર પંપને ડીઝલનો પુરવઠો આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, રિટેલ પંપ ખાતે ડીઝલનો પુરવઠો જળવાઈ રહે અને બલ્ક સેક્શનના ભાવોમાં ઘટાડો કરવામાં આવે તે માટે વહીવટીતંત્ર દ્વારા રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત, ખેડૂતો અને ટેલિકોમ કંપનીઓને ઈંધણનો પુરતો જથ્થો મળી રહે તે માટે શ્રી રાણાવસિયાએ સૂચના આપી હતી.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય વિધાનસભાની સમિતિઓની રચના :

ગુજરાત વિધાનસભાની ચાર મહત્વની સમિતિઓ ઉપરાંત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે.

વિશેષાધિકાર સમિતિના અધ્યક્ષ તરીકે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલની અને અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનાં અધ્યક્ષ તરીકે ગાંધીધામનાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલની જાહેર હિસાબ સમિતિના સભ્યપદે નિમણૂક કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની ઉજવણી :

આજે 'આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ'ની ઉજવણી 'સ્થાનિક સ્તરે કાર્ય – વૈશ્વિક સ્તરે પ્રભાવ' થીમ હેઠળ કરવામાં આવી.

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા ગુજરાત ઇન્સ્ટીટયુટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે ભુજ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

સ્થાનિક સ્તરે નાગરિકોની સહભાગિતાથી જૈવવિવિધતાનું સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં જૈવવિવિધતા સંરક્ષણ અંગે વ્યાખ્યાન, પ્રદર્શન, વૃક્ષારોપણ, જાગૃતિ પ્રવૃત્તિઓ તેમજ સ્થાનિક જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ-BMCના સભ્યો સાથે સંવાદ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------

## રાજ્યસભાની બેઠકોની ચુંટણી :

રાજ્યની ચાર સહિત દેશની 24 રાજ્યસભાની બેઠકો પર દ્વિવાર્ષિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા પ્રમાણે પહેલી જૂને ચૂંટણીનું જાહેરનામું બહાર પડશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 8 જૂન રહેશે જ્યારે 11 જૂન સુધી ઉમેદવાર પત્રો પરત ખેંચી શકાશે અને 18 જૂને મતદાન થશે. જ્યારે તે જ દિવસે સાંજે પાંચ વાગ્યે મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રામ મોકરિયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ 21 જૂને પૂર્ણ થઈ રહ્યો છે.

---

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ :

ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ હરદીપસિંહ ગીલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ભુજ ખાતે સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સફાઈ કામદારશ્રીઓના વિવિધ એસોસિએશનના પ્રતિનિધિશ્રીઓ અને સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગીલે સફાઈ કામદારોના સંગઠનો અને સફાઈ કામદારો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી વિગતો મેળવીને ત્વરિત કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

---

## રિજનલ સાયન્સ સેન્ટર – સમર કેમ્પ :

ભુજ સ્થિત રિજનલ સાયન્સ સેન્ટર ખાતે વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધારવા અને નવી ટેક્નોલોજીથી અવગત કરવાના હેતુથી સમર સાયન્સ કેમ્પ યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગુરુવારથી એઆઈ અને રોબોટિક્સ થીમ પર કેમ્પની શરૂઆત થઈ છે. ધોરણ 6 થી 10ના છાત્રો માટે 3 દિવસ અને 2 રાતના કેમ્પમાં સ્થાનિક કચ્છ સહિત સુરત, રાજકોટ અને પાલનપુર જિલ્લાની કુલ 26 શાળાઓના બાળકો ભાગ લઈ રહ્યા છે.

---